# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-09-2024** **MIDDAY : 1.20 to 1.30**

**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દુબઇનાં યુવરાજ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન વચ્ચે નવી દિલ્હીમાં બેઠક યોજાઈ
- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણનાં અધ્યક્ષપદે જીએસટી કાઉન્સિલની 54મી બેઠક ચાલી રહી છે
- ✓ ભારતમાં મંકીપોક્સનો એક શંકાસ્પદ દર્દી નોંધાયોઃ. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે સુસ્થાપિત પ્રોટોકોલ અનુરુપ આ કેસની ચકાસણી કરવામાં આવી રહી છે.
- ✓ જમ્મુ કાશ્મીરમાં રાજૌરીમાં ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળઃ બે ત્રાસવાદી ઠાર
- ✓ બંગાળના અખાત પર તીવ્ર દબાણને પગલે ઓડિશામાં અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# UAE-CROWN-PRINCE-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દુબઇનાં યુવરાજ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન વચ્ચે નવી દિલ્હીમાં પ્રતિનિધીમંડળ સ્તરની મંત્રણા ચાલી રહી છે. હૈદરાબાદ હાઉસ ખાતે યોજાયેલી આ બેઠકમાં બંને નેતાઓ ભારત અને યુએઇ વચ્ચે દ્વિપક્ષીય સહકારનાં ક્ષેત્રો પર વ્યાપક ચર્ચા કરશે.

શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન ગઈ કાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની સાથે યુએઇ સરકારના કેટલાંક મંત્રીઓ અને વેપારી પ્રતિનિધિમંડળ આવ્યું છે. દુબઇનાં યુવરાજ તરીકે આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે. તેઓ મહાત્મા ગાંધીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા રાજઘાટની પણ મુલાકાત લેશે. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે.

આવતી કાલે તેઓ મુંબઇમાં બિઝનેસ ફોરમમાં હાજરી આપશે, જેમાં બંને દેશોનાં ઉદ્યોગપતિઓ ભાગ લેશે. ભારત અને યુએઇ ઐતિહાસિક રીતે ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. તાજેતરનાં વર્ષોમાં રાજકારણ, વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, ઊર્જા, ટેકનોલોજી અને સંસ્કૃતિ સહિતનાં અનેક ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચેની સર્વગ્રાહી વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બની છે.

# GST COUNCIL - MEETING

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં વસ્તુ અને સેવા કર - જીએસટી કાઉન્સિલની 54મી બેઠક આજે નવી દિલ્હીમાં ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે કાઉન્સિલની છેલ્લી બેઠક આ વર્ષે જૂનમાં મળી હતી. આ બેઠકમાં કાઉન્સિલે તમામ પ્રકારના સ્ટીલ, આયર્ન અને એલ્યુમિનિયમના દૂધના ડબ્બા પર 12 ટકા જીએસટીના એકસમાન દરની ભલામણ કરી હતી. કાઉન્સિલે એવી પણ ભલામણ કરી હતી કે ભારતીય રેલ્વેની સેવાઓ માટે  સામાન્ય લોકો પર GST ન લગાવવો જોઈએ. આ સેવાઓમાં પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ, રિટાયરિંગ રૂમ અને વેઇટિંગ રૂમની સુવિધાઓ અને બેટરી સંચાલિત વાહન સેવાનો સમાવેશ થાય છે.

# JAISHANKAR - RIYADH

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે રિયાધમાં ભારત-ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના વિદેશ મંત્રીઓની પ્રથમ બેઠકમાં ભાગ લેશે. આ મહત્વપૂર્ણ બેઠકનો ઉદ્દેશ્ય ભારત અને ખાડી દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવાનો છે.

આ બેઠકમાં  વેપાર, રોકાણ અને ઉર્જા સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે આ ઉપરાંત, ડૉ. જયશંકર જીસીસીના સભ્ય દેશોના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

દરમિયાન ડૉ. જયશંકરે ભારત અને સાઉદી અરેબિયા  વચ્ચેના ઐતિહાસિક સંબંધો પર ભાર મૂકતા સાઉદી અરેબિયાના તેમના પ્રવાસના પ્રથમ દિવસે ગઇકાલે રિયાધમાં મુખ્ય સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લીધી હતી.

# MPOX-CASE

વિશ્વનાં અનેક દેશોમાં મંકીપોક્સનાં સંક્રમણનાં કેસો ધ્યાનમાં આવ્યા છે ત્યારે ભારતમાં પણ મંકીપોક્સનો એક શંકાસ્પદ દર્દી મળી આવ્યો છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે મંકીપોક્સનું સંક્રમણ ધરાવતા એક દેશમાંથી આવેલા દર્દીને મંકીપોક્સની વિશેષ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જેની સ્થિતિ હાલ સ્થિર છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું છે કે પ્રસ્થાપિત પ્રોટોકોલ અનુરુપ આ કેસની ચકાસણી કરવામાં આવી રહી છે. સંક્રમણનાં સંભવિત સ્ત્રોત શોધવા કોન્ટેક્ટ ટ્રેસિંગ ચાલી રહ્યું છે.

મંત્રાલયે ખાતરી આપી છે કે મુસાફરી સંબંધિત આવા છુટાછવાયા કેસનો સામનો કરવા દેશ સંપૂર્ણ સજ્જ છે અને કોઈ પણ સંભવિત જોખમને દૂર કરવા મજબૂત પગલાં લેવામાં આવી રહ્યા છે.

# RG KAR HEARING

સર્વોચ્ચ અદાલત કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં હત્યા અને દૂષકર્મ બાબતે સુઓ મોટો કેસની સુનાવણી કરી રહી છે.

અદાલતે આજે સીબીઆઇને આ કેસમાં આગામી મંગળવારે નવો રિપોર્ટ દાખલ કરવા જણાવ્યું હતું. સીબીઆઈએ ફોરેન્સિક રિપોર્ટમાં નમૂના કોણે એકત્રિત કર્યા તે અંગે ભાર આપતા અદાલતે નવો રિપોર્ટ દાખલ કરવા કહ્યું હતું.

સીબીઆઈ હવે એઈમ્સ અને અન્ય કેન્દ્રીય પ્રયોગશાળાઓમાંથી અલગ ફોરેન્સિક અભ્યાસ કરાવશે.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયાધીશ જે બી પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડપીઠ આ કેસની સુનાવણી કરી રહી છે.

# INDIA-AMERICAN EXERCISE

રાજસ્થાનના બિકાનેરમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે આજે ભારતીય અને અમેરિકન સેનાની સંયુક્ત સૈન્ય કવાયત શરૂ થઈ છે. સૈન્ય અભ્યાસની શરૂઆત પરેડ સમારંભ સાથે થઈ હતી. આ સૈન્ય અભ્યાસમાં ભારતીય અને અમેરિકી સેનાના સાઉથ વેસ્ટર્ન કમાન્ડના લગભગ 1200 સૈનિકો ભાગ લઈ રહ્યા છે. બંને દેશોના સૈનિકો 15 દિવસ સુધી યુદ્ધની અનેક રણનીતિઓનો અભ્યાસ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# J-K-TERRORISTS-KILLED

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા નજીક ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા બે આતંકવાદીઓ ઠાર થયા છે.

અમારા સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે ગત મોડી રાત્રે રાજૌરી જિલ્લાના નૌશેરાના લામ સેક્ટરમાં લશ્કર અને આતંકવાદીઓ વચ્ચે થયેલા સામસામા ગોળીબારમાં કેટલાક આતંકવાદીઓ ઇજાગ્રસ્ત થયા હોવાની સંભાવનાને કારણે તપાસ અભિયાન ચાલી રહ્યું છે.

આતંકીઓ અંધારાનો લાભ ઉઠાવીને ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે જવાનો સામે ગોળીબાર થયો હતો. દરમિયાન તપાસ અભિયાન કાંચી ચાલુ હોવાથી સેનાએ ફરી એકવાર મોટી માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે જણાવ્યું છે કે ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી પરનું દબાણ આગામી 24 કલાકમાં તીવ્ર દબાણમાં પરિવર્તીત થવાની સંભાવના હોવાથી ઓડિશામાં અત્યંત ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે આજે આંધ્રપ્રદેશ, યાનમના દરિયાકાંઠાના વિસ્તારો માટે અત્યંત ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આ ઉપરાંત તેલંગાણા, પશ્ચિમ બંગાળ, પૂર્વ મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને વિદર્ભના કેટલાંક ભાગોમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. કેરળ, કર્ણાટક, આસામ, મેઘાલય, સિક્કિમ, ઝારખંડ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા છે.

# AP-CM-PRESS-MEET

આંધ્રપ્રદેશમાં આવેલા પૂરના કારણે લગભગ 6 લાખ લોકો પ્રભાવિત થયા છે અને હજુ પણ અનેક લોકો પૂરમાં ફસાયેલા છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુએ ગઈકાલે વિજયવાડા કલેક્ટર કચેરી ખાતે પત્રકારોને આ માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, હવામાનમાં પરિવર્તન અને વાદળ ફાટવાના કારણે રાજ્યમાં અતિશય વરસાદ થયો છે. શ્રી નાયડુએ કહ્યું કે પૂર પ્રભાવિત લોકોને રાહત સામગ્રી પહોંચાડવામાં આવી રહી છે અને  પરિસ્થિતિ કાબૂમાં છે.

મુખ્યમંત્રીએ શ્રીકાકુલમ અને ASR જિલ્લામાં વધુ વરસાદ અંગે ચેતવણી આપતા કહ્યું હતું કે વિવિધ જળાશયો પર નજર રાખવામાં આવી રહી છે. સરકાર ભોજન, પાણી અને મેડિકલ કેમ્પ પર વિશેષ ધ્યાન આપી રહી છે. જાહેર સુરક્ષા એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને સરકાર ભવિષ્યમાં આવી આફતોને રોકવા માટે પ્રતિબદ્ધ હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

## BUDDHIST MEDIA CONCLAVE

બીજુ  આંતરરાષ્ટ્રીય બૌદ્ધ મીડિયા સમેલન આગામી 11 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાશે. તેની વિષે વસ્તું સંઘર્ષ ટાળવા અને ટકાઉ વિકાસ માટે ગંભીર વિચાર રાખવામાં આવી છે.  છે. આ સંમેલનનો હેતુ નૈતિક પત્રકારત્વ અને વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપવાનો અને એશિયામાં વ્યાવસાયિક બૌદ્ધ મીડિયાનું નેટવર્ક સ્થાપિત કરવાનો છે. તેમાં 18 દેશોના મીડિયા પ્રતિનિધિઓ ભાગ લેશે.

## MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 29મી તારીખે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સમક્ષ તેમનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 114મી કડી હશે. લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત 1922 પર મિસ્ડ કોલ કરવાથી એસએમએસ પર મળેલી લિન્ક ઓપન કરીને પણ પ્રધાનમંત્રીને પોતાનાં સૂચનો રજૂ કરી શકાશે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી ઓપન**

**ફોરમ પર પણ ઓનલાઇન રજૂઆત કરી શકાશે. 27 સપ્ટેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.**

**મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ 29 સપ્ટેમ્બરે સવારે 11 વાગે આકાશવાણી અને દૂરદર્શનનાં તમામ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પર પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.**

# NIZERIA-KILLED

નાઈજીરિયામાં પેટ્રોલ ટેન્કર અને પશુઓ ભરેલી ટ્રક અથડાતા થયેલા વિસ્ફોટમાં 48 લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં અન્ય બે વાહનો પણ અથડાયા હતા, આ અથડામણમાં 50 પશુઓના પણ મોત થયા હતા. રાહત અને બચાવ કામગીરી ચાલુ છે.

# REV. ISRAEL KILLED

જોર્ડન અને વેસ્ટ બેંક વચ્ચેની સરહદ  પર થયેલા ગોળીબારમાં ત્રણ ઈઝરાયેલી વ્યક્તિઓના મોત થયા છે. ઇઝરાયલના સંરક્ષણ દળના જણાવ્યા પ્રમાણે જોર્ડનના એક બંદૂકધારીએ આ  ગોળીબાર કર્યો હતો. ઈઝરાયેલના સુરક્ષાકર્મીઓએ તેને ઠાર કર્યો હતો. ઈઝરાયેલના નિયંત્રણવાળા વિસ્તારમાં બનેલી આ ઘટનાની જોર્ડન તપાસ કરી રહ્યું છે. અને બંને તરફથી સરહદ બંધ કરી દેવામાં આવી છે.

# US-OPEN

યુએસ ઓપન ટેનિસમાં ઇટાલીનાં યેનિક સિનરે અમેરિકાનાં ટેલર ફ્રિટ્ઝને 6–3, 6–4, 7–5થી હરાવી વર્ષનું બીજું ગ્રાન્ડ સ્લેમ જીત્યું છે અને યુએસ ઓપનનો

ખિતાબ જીતનાર પ્રથમ ઈટાલિયન ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો છે. અગાઉ આ વર્ષનાં પ્રારંભમાં સિનર ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યા હતા.

આ સિઝનમાં સિનરનું આ છઠ્ઠું અને કારકિર્દીનું 55મું ટાઇટલ છે, જેનાથી રેન્કિંગમાં તેની ટોચની સ્થિતિ વધુ મજબૂત બની છે.